# ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ મેળવવા માટેની માહિતી.

(વર્ષ : ૨૦૧૦ – ૨૦૧૧)

૧. એસ.એસ.સી.ના પરિણામ જાહેર થવાની તારીખની આસપાસ રાજયના અગ્રગણ્ય દૈનિકપત્રોમાં " ઓન લાઈન પ્રવેશ અંગેના આયોજન" બાબતે જાહેરાત આપવામાં આવતી હોય છે તેમજ તે સમિતિની વેબસાઈટ www.cdacgujarat.org પર પણ મૂકવામાં આવે છે.

પ્રવેશ માટે પ્રવેશ સમિતિ સુધી જવાને બદલે ઈન્ટરનેટ સુવિધા ધરાવતા કોમ્પ્યુટર દ્વારા વેબસાઈટ www.gujacpc.nic.in મારફત એડમિશન અંગેની તમામ કામગીરી કરવાની પધ્ધતિને " ઓન લાઈન એડમિશન " કહેવામાં આવે છે.

ઈજનેરી અભ્યાસક્રમોમાં ઓનલાઈન એડમિશનમાં ભાગ લેવા માટે નજીકના કોઈપણ હેલ્પ સેન્ટર પરથી રૂા.૨૫૦/– અંકે રૂપિયા બસો પચ્ચાસ પુરા (જેમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી સામેલ છે.)ચુકવી માહિતી પુસ્તિકા ( ગુપ્ત PIN નંબર સાથે )મેળવી લેવાની રહેશે. હેલ્પ સેન્ટરની યાદી સબંધિત સાઈટ પર જોવા મળશે.

૨. ઓનલાઈન રજીસ્ટ્રેશન આપના ઘરેથી કે ઘરથી નજીક જયાં પણ ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય ત્યાંથી કે હેલ્પ સેન્ટર પર ઉભા કરવામાં આવેલ કાફે પરથી વેબસાઈટ www.gujacpc.nic.in પર લોગ ઈન થવાથી થઈ શકશે. ઓન લાઈન એડમિશનનું સોફ્ટવેર યુઝર્સ ફ્રેન્ડલી હોઈ જરૂરી વિગતો ક્રમવાર ભરતા જવાથી ઓન લાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે.

૩. રજિસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ, તેની પ્રિન્ટ લઈ જરૂરી અસલ અને સ્વપ્રમાણિત દસ્તાવેજો / પ્રમાણપત્રો સાથે નજીકના હેલ્પ સેન્ટર પર નિર્ધારિત સમય મર્યાદામાં જમા કરાવી રજિસ્ટ્રેશન એકનોલેજમેન્ટ સ્લીપ મેળવી લેવાની રહેશે અન્યથા પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકાશે નહીં.

ઓનલાઈન પ્રવેશના દરેક તબકકામાં લોગ–ઈન થવાનું રહેશે. લોગ ઈન થવા માટે લોગ ઈન આઈ.ડી. તથા બુકલેટમાં આપવામાં આવેલ પીન નંબર આપવાનો રહેશે.

૪. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિર્ધારિત તારીખે વેબસાઈટ ઉપર લોગ ઈન થઈ પ્રોવિઝનલ મેરીટનંબર જાણી લેવાનો રહેશે.

૫. પ્રોવિઝનલ મેરીટ નંબર જાહેર થયા બાદ મોક રાઉન્ડમાં ઓનલાઈન ભાગ લેવા માટે નિયત સમયમર્યાદામાં લોગ ઈન થઈ તમારી પસંદગી ની સંસ્થા અને વિદ્યાશાખા ક્રમવાર ભરવાની રહેશે.

મોક રાઉન્ડને અંતે આપને પ્રવેશ મળેલ છે કે નહિ તે જાણવા માટે લોગ ઈન થવાનું રહેશે.

(<u>સુચના : મોક રાઉન્ડમાં ફાળવેલ પ્રવેશ અંતિમ પ્રવેશ નથી. એ ઓનલાઈન એડમિશન પ્રક્રિયા સમજવા માટેનું એક દ્રૃષ્ટાંત છે. આ રીતે ઓન લાઈન એડમિશન પ્રક્રિયા સમજવા માટે બે મોક રાઉન્ડ આપવામાં આવશે.</u>)

૬. મોકરાઉન્ડ પત્યાબાદ – <u>ખરેખર એડમિશન પ્રક્રિયાના રાઉન્ડમાં ભાગ લેવા</u> માટે નિર્ધારિત સમય મર્યાદામાં લોગ ઈન થઈ સંસ્થા અને વિદ્યાશાખા ની પસંદગી કરીને ક્રમવાર ગોઠવવાની રહેશે.

૭. તમામ વિદ્યાશાખા તથા સંસ્થાની ક્રમવાર પસંદગી આપ્યા બાદ આપની પસંદગી (Choice) ' લોક ' (Lock) કરવાની રહેશે. પસંદગી લોક કરવા માટે આપને ફાળવવામાં આવેલો PIN નંબર આપવાનો રહેશે. કોઈ કારણસર આપને પસંદગીમાં ફેરફાર કરવાનો થાય, તો પસંદગી યાદી ' અનલોક' કરવાની રહેશે. જે માટે ફરી PIN નંબર આપવાનો રહેશે.

૮. ખરેખર પ્રવેશ મળેલ છે કે નહિ તે જાણવા માટે નિર્ધારીત તારીખે લોગ ઈન થવાનુ રહેશે.

જો પ્રવેશ ફાળવવામાં આવ્યો હોયતો,

(અ) આપે પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટર(બે નકલ) તથા બેન્ક ટયુશન ફી ચલણની કોપી કઢાવવાની રહેશે.

(બ) આપે હેલ્પ સેન્ટર ખાતે ઉભા કરવામાં આવેલ બેંકના કાઉન્ટર પર જઈ ટયુશન ફી ચલણમાં દર્શાવેલ ફી રોકડેથી ભરવાની રહેશે, ફી ભર્યા બાદ આપે "પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટર" અને જરૂરી દસ્તાવેજો ( અસલ તથા સ્વપ્રમાણિત નકલો સાથે) લઈ નિયત સમયમર્યાદામાં હેલ્પ સેન્ટર ખાતે રીપોર્ટીગ કરાવવાનુ રહેશ.

(ક) રીપોર્ટીગ કરાવ્યા બાદ નિયત સમયમર્યાદામાં પ્રવેશ પ્રમાણિત થયા અંગેની "એડમીશન એકનોલોજમેન્ટ સ્લીપ" ફરજિયાત મેળવવાની રહેશે. <u>અન્યથા પ્રવેશ રદ થઈ જશે.</u>

(ડ) જો આપ પછીના રાઉન્ડમાં ભાગ લેવા ઈચ્છતા હો તો તે માટે લેખિત સંમતિ રૂપે પ્રોવિઝનલ એલોટમેન્ટ લેટરમાં સહી કરીને આપવાની રહેશે.

(ઈ) એડમિશન એકનોલોજમેન્ટ સ્લીપ સાથે પ્રવેશ મળેલ સંસ્થા ખાતે સમયમર્યાદામાં હાજર થવાનુ રહેશે.

૯. પુનઃપ્રવેશ માટે નિયત સમયમર્યાદામાં સંસ્થા અને વિદ્યાશાખાની ક્રમવાર પસંદગી કરવાની રહેશે. આ માટે –

(અ) આપની જૂની પસંદગી યાદી ચાલુ રાખી શકશો.

(બ) આપ તેમાં ક્રમને ફેરબદલ કરી શકશો.

(ક) આપ નવી પસંદગી ઉમેરી શકશો અને

(ડ) આપ જૂની પસંદગી રદ પણ કરી શકશો.

૧૦. જો આપને નવી પસંદગી પ્રમાણે પ્રવેશ મળે તો જુનો પ્રમાણિત કરાવેલ પ્રવેશ આપોઆપ રદ ગણાશે અને આપે પ્રવેશ પ્રક્રિયા ક્રમ–૮ અનુસારની પ્રક્રિયા કરવાની રહેશે.

૧૧. નવી પસંદગી યાદી પ્રમાણે પ્રવેશ ન મળે તો અગાઉના રાઉન્ડમાં પ્રમાણિત કરાવેલ પ્રવેશ ચાલુ રહેશે.

## : અગત્યની સૂચનાઓ :

૧. આપનો પાસવર્ડ તથા પીન નંબર અત્યંત ગુપ્ત રાખશો તેમજ કોઈને જણાવશો નહીં. આ બંનેની મદદથી કોઈપણ વ્યકિત તમારી રજિસ્ટ્રેશન અંગેની વિગતો, પસંદગી યાદી તથા અન્ય માહિતી બદલી શકે છે, આવા કિસ્સામાં પ્રવેશ સમિતિ જવાબદાર રહેશે નહીં.

૨. જો આપ પાસવર્ડ ભૂલી જાવ તો, રજિસ્ટ્રેશન વખતે આપેલ માહિતી ફરીથી આપી નવો પાસવર્ડ ઓનલાઈન મેળવી શકશો.

૩. જો આપ પીન નંબર ભૂલી જાવ અથવા તે નંબર ખોવાઈ જાય તો, જરૂરી ફી ભરી તેમજ ખોવાયા અંગેના પુરાવા રજુ કરી એડમિશન કમિટિ, અમદાવાદ ખાતેથી નવો પીન નંબર મેળવી શકશો.

૪. જો આપનો સમાવેશ અનામત કેટેગરીમાં થતો હોય તો અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા માટે તે અંગેનુ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવતુ પ્રમાણપત્ર હેલ્પ સેન્ટર ખાતે (૧) રજીસ્ટ્રેશન સમયે તથા (૨) એડમિશન એકનોલોજમેન્ટ સ્લીપ મેળવવાના સમયે જોડવુ જરૂરી છે.

૫. જો આપ " ફી માફી યોજના " માં ભાગ લેવા માંગતા હોય તો, આપના કુટુંબની બધાજ પ્રકારના આવકના સ્ત્રોતની આવક રૂા. ૨.૫૦ લાખથી ઓછી હોવા અંગેનુ સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલું, તા.૩૧–૩–૨૦૧૦ પછીનું આવકનુ પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન સમયે જોડવુ જરૂરી છે.

૬. જો આપ સામાજિક તથા શૈક્ષણિકરીતે પછાત વર્ગની અનામત બેઠક ઉપર પ્રવેશ લેવા માગતા હોય તો, ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલું તા.૩૧–૩–૨૦૧૦ પછીનું પ્રમાણપત્ર રજીસ્ટ્રેશન સમયે જોડવુ જરૂરી છે.

૭. અનામત બેઠક પરના અનામત વર્ગના ઉમેદવારનો પ્રવેશ, આ અર્થે રાજય સરકાર ધ્વારા સત્તા આપવામાં આવેલ સત્તાધિકારી ધ્વારા જ્ઞાતિ પ્રમાણપત્રની ખરાઈને આધિન રહીને માન્ય ગણાવમાં આવશે. જ્ઞાતિ પ્રમાણપત્રની ખરાઈ કર્યે તે અમાન્ય માલુમ પડે તે કિસ્સામાં તેને અનામત બેઠક પર પ્રવેશ મેળવવાનો દાવો કરવાનો અધિકાર રહેશે નહીં અને તેને અગાઉથી જ પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો આવો પ્રવેશ રદ ગણાશે.

૮. જો એક વખત આપે આપનો પ્રવેશ નિશ્ચિત કર્યો હોય અને સંસ્થા ખાતે હાજર થયા હોય તો આપે આગળની કાર્યવાહી જેવી કે જીટીયુ રજીસ્ટ્રેશન, હોસ્ટેલમાં પ્રવેશ, સંસ્થા સ્તરે ભરવાની થતી અન્ય ફી, પ્રવેશ રદ કરાવવા કે અન્ય બાબતો માટે સંસ્થાનો જ સંપર્ક કરવાનો રહેશે.

**www.cdacgujarat.org (ડિપ્લોમા પ્રવેશની માહિતી માટે )**

**www.gujacpc.nic.in (ઓન લાઈન પ્રવેશ માટે)**

## INFORMATION FOR GETTING ONLINE ADMISSION IN DIPLOMA ENGINEERING COURSES AFTER 10 th STANDAD

## (Year 2010-2011)

1) An advertisement for planning of online admission is being published in a leading news paper of the state around the declaration of S.S.C result and it is also uploaded on the committee website **www.cdacgujarat.org**
Instead of going to admission committee for admission, the procedure of carrying out all the activities related to admission through website **www.gujacpc.nic.in** with the help of computer having internet facility is called as "ONLINE ADMISSION".
To participate in online admission, it is required to obtain "Information Booklet" (with secret PIN number) on payment of Rs. 250/- Rupees two hundred fifty (which includes online registration fee) from the nearest Help center. List of Help centers will be made available on concerned website.
2) Online registration can be carried out by login on **www.gujacpc.nic.in** from your home, place near by your home where internet facility is available or cafe opened at help center. As software develop for online admission is **USER FRIENDLY**, you can get registered by filling up sequentially the necessary details
3) After filling up registration form online, get its print out and contact the nearest help center along with original & self attested copies of relevant document/certificates. Obtain a Registration Acknowledgement Slip by submitting self attested copies only within the stipulated time limit, otherwise you can not participate in the admission process.
In every stage of online admission, you have to login through Login ID and PIN number given along with booklet.
4) After completion of registration process, you have to know your provisional merit number by logging on to website on prescribed date.
5) After declaration of provisional merit number, you have to fill your choices of colleges and branches in preferential order by login within stipulated time limit to participate in mock round.

At the end of mock round to know whether you have been allotted the admission or not, you have to login.
Note: The admission allotted in Mock round is not a final admission. It is only a practice/trial to understand the online admission process. Two Mock rounds will be run before actual allotment of admission to understand admission process.

6) After completion of all Mock rounds, you have to arrange your choices of colleges & branches in preferential order by login within stipulated time limit to participate in actual admission round.
7) After arranging your choices of Colleges & branches in preferential order you have to 'LOCK' the CHOICES. To 'LOCK' filled choices, you have to enter your PIN number. If you need to modify your choices after locking, you have to UNLOCK the filled choices. For the you have to enter your PIN number.
8) If you have been allotted admission,

a) You have to printout Provisional Allotment Letter (2 copies) and Bank Tuition Fee challan.
b) You have to deposit tuition fees in cash as shown in tution fee challan at the help center's bank counter. After depositing tuition fee, you have to report at help center, within stipulated time limit, along with provisional allotment letter and original documents (Original as well self attested copies)
c) After reporting within stipulated period, you have compulsorily to obtain the "Admission Acknowledgement Slip" without which your admission will be cancelled.
d) If you wish take part in the subsequent next round of allotment, you have to tick & sign against prescribed space in provisional allotment letter as a written consent.
e) Along with Admission Acknowledgement Slip, you may report at the allotted institute.

9) To participate in the next round of an admission, you have to select your choices of colleges and branches in preferential order. For this -

a) You can retain your existing choices.
b) You can rearrange the order of preference
c) You can add new choices.
d) You can delete existing Choices.

10) If you have been allotted admission as per revised choice, your previously reported admission will get automatically cancelled and you have to follow the procedure stated at Sr. No 8 again
11) If you do not get the admission as per revised choice list, your previously reported admission will be continued.

### IMPORTANT NOTES

1. Keep your login password and PIN number secret and don't disclose it to any body. With the help of these two any one can alter your registration details, choice list and other important information. In such circumstances, the admission committee shall not be held responsible.
2. If you forget your password you can obtain new password online by entering the necessary information filled at the time of registration.
3. If you forget or lost your PIN number, you can obtain new PIN number from the Admission Committee office at Ahmedabad by cash payment of required fee and by producing the documents regarding lost.
4. If you have been included under reservation category, you have to attach necessary documents issued by competent authority for the admission purpose at Help center
1) at the time of registration
2) at the time of receiving admission acknowledgement receipt.

5. If you are willing to participate in Tution fee waiver scheme, you have to produce relevant certificate issued by competent authoring, after 31.03.2010 stating that annual income of your family from all the sources does not exceed Rs. 2.50 lacs at the time of registration.
6. If you willing to take admission on reserved seats of socially & economical backward class, you have to produce non creamy layer certificate issued after 31.03.2010 by competent authority at the time of registration.
7. The admission of a candidate of a reserved category on a reserved seat shall be valid subject to the verification of cast certificate by the authority empowered by the State Government in this behalf. In case the caste certificate is found invalid on verification, he shall not have right to claim his admission on reserved seat and if he has been already granted admission, such admission shall be cancelled.
8. Once, if you have final your admission & reported at institution, you have to contact only at the admitted institute for further activities like GTU registration, hostel admission, payment of other fees at institute level, cancellation of admission or any other matters.

**www.cdacgujarat.org (ડિપ્લોમા પ્રવેશની માહિતી માટે )**

**www.gujacpc.nic.in (ઓન લાઈન પ્રવેશ માટે)**